**પોલીસ કમિશ્નર કચેરી, રાજકોટ શહેર, રાજકોટ.**

**લાયસન્સ બ્રાન્ચ**

**રેષકોર્ષ રીંગ રોડ, રાજકોટ. ફોન નં. :– ૦૨૮૧ – ૨૪૭૨૪૮૪.**

ક્રમાંક : રાજ/સીપી/એલબી–૩/૪૧૫/૨૦૧૮ તા.૨૮/૩/૨૦૧૮

ફેક્સ મેસેજ
૦૭૯-૨૫૬૨૯૪૪૭

પ્રતિ,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સ. એસો.
૭૩/એ, સહજાનંદ શોપીગ સેન્ટર,
શાહીબાગ, અમદાવાદ

**વિષય :–** શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ મોકલવા બાબત.

**આધાર:–** આપશ્રીના પત્ર ક્રમાંક:– એજીટીટીએ/૨૦૧૭–૧૮/૨૦ તા.૨૦/૨/૧૮

સવિનય ઉપરોક્ત વિષય અને આધાર અન્વયે જણાવવાનું કે, આપશ્રી દ્વારા આધારવાળા પત્રથી માંગેલ માહિતી મુજબ અત્રેની કચેરી દ્વારા જાહેરનામું બહાર પાડેલ છે જેથી નકલ આ સાથે સામેલ છે.

Akhil Gujarat Truck Transport Association
R: 1·3·2018

28/2
(બી.એમ.જાડેજા)
પોલીસ ઈન્સ્પેક્ટર
લાયસન્સ શાખા, રાજકોટ શહેર.

ક્રમાંકઃ રાજ/સીપી/એલબી–૨/ટ્રાફિક/લ.બસ જાહેરનામું/ ૨૨૦૩ /૨૦૧૫.

પોલીસ કમિશ્નરની કચેરી
રાજકોટ શહેર,રાજકોટ.
તા.૨૫/૦૫/૨૦૧૫.

વંચાણે લીધાઃ– અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલ.બી–૨/ટ્રાફીક/
લ.બસ જાહેરનામું/૨૦૨૪/૦૮ તા. ૨૫/૪/૨૦૦૮

જાહેરનામું:–

હાલમાં રાજકોટ શહેરમાં વંચાણવાળુ જાહેરનામું અમલમાં છે, પરંતુ વધતા જતાં ટ્રાફીકનાં કારણે જાહેરમાર્ગોમાં ટ્રાફીકની ગીચતા થાય છે અને શહેરમાં વધતી જતી ભારેવાહનોની અવર–જવરથી શહેરના રસ્તાઓ સાંકડા પડે છે અને રસ્તાઓ ઉપર ટ્રાફીક અડચણરૂપ થાય છે. હાલ રાજકોટ શહેરની વસ્તીમાં ઘણો વધારો થયેલ છે. સાથોસાથ નાના–મોટા વાહનોની સંખ્યામાં પણ ખુબજ વધારો થયેલ છે. હાલમાં લીમડા ચોક, એસ.બી.એસ. ચોક, મોટી ટાંકી ચોક, ફુલછાબ ચોક, તેમજ એસ.ટી. પાછળના ભાગે ટ્રાવેલ્સની ઓફીસો આવેલ છે અને આ વિસ્તાર ગીચ વીસ્તાર હોય રાત્રીના ૮/૦૦ થી ૮/૩૦ ના સમય દરમ્યાન રાજકોટના વેપાર ધંધાવાળા, દુકાનો–ઓફીસો બંધ કરીને જતા હોય જેના કારણે ટ્રાફિક સમસ્યા વધુ રહેતી હોય ટ્રાફીક વ્યવસ્થામાં ઘણી બધી મુશ્કેલીઓ પડે છે અને ગંભીર અકસ્માતો થાય છે. સને ૨૦૦૮ માં જે જાહેરનામુ અમલમાં આવેલ ત્યારે ગોંડલ ચોકડી, ચીનલેન્ડ ચોકડી, માધાપર ચોકડી વિગેરે ચોકડીઓ શહેરની બહાર પડતી હતી જે હવે શહેરની અંદરના વિસ્તારમાં આવી ગયેલ છે અને આ તમામ ચોકડીઓ પર રાત્રીના મોડેસુધી સીટી બસ તેમજ બી.આર.ટી.એસ. બસની ટુંકા ટુંકા સમય ગાળામાં સેવાઓ ઉપલબ્ધ હોય જે ધ્યાને લઈ તથા આ સ્થળોએ રાજકોટ શહેર તરફથી અન્ય શહેર તરફ જતા પેસેન્જરોને પીક અપ કરવા ટ્રાફિકને અડચણ રૂપ ખાનગી લકઝરી બસો પાર્ક કરતા હોય જેથી હાલની પરસ્થિતીને ધ્યાનમાં લઈ ટ્રાફીક સુચારૂ અને સલામત રીતે ચાલે તે હેતુસર રાજકોટ શહેરમાં મોટી પ્રાઈવેટ લકઝરી બસો (એચ.પી.વી. હેવી પેસન્જર વ્હીકલ ) ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરીયાત જણાય છે. જેથી તા.૧૭/૫/૨૦૧૫ ના રોજ સ્થાનિક વર્તમાન પત્ર ધ્વારા યોજાયેલ ટ્રાફિક અવેરનેશ કાર્યક્રમ અંતર્ગત માનનીય મંત્રીશ્રી માર્ગ અને વાહન વ્યવહાર ગુજરાત રાજય, રાજકોટ મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, રાજકોટ જીલ્લા કલેકટરશ્રી તથા ૨૦૦ થી ૨૫૦ જેટલા શહેરના પ્રબુધ્ધ નાગરીકો ધ્વારા પ્રવેશબંધીની સમય મર્યાદામાં વધારો કરવા અભિપ્રાય આપેલ હોય, જેથી નીચે જણાવ્યા મુજબની વિગતે સવારના કલાક ૮–૦૦ થી રાત્રીના કલાક ૮–૦૦ સુધી સમગ્ર રાજકોટ મહાનગરપાલીકા વિસ્તારમાં પ્રવેશબંધીનું જે જાહેરનામું અમલમાં હતુ તેમાં સમય મર્યાદામાં વધારો કરી સવારના કલાક ૮–૦૦ થી રાત્રીના કલાક ૯–૦૦ સુધી સમગ્ર રાજકોટ મહાનગરપાલીકા વિસ્તારમાં પ્રવેશબંધી જાહેર કરવાના કાયમી નિર્ણય ઉપર આવેલ છું.

હુકમ:

સબબ હું મોહન ઝા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મને મુંબઈ પોલીસ અધિનિયમ સને–૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) મુજબ મળેલ સતાની રૂએ ઉપરોકત વિગતે રાજકોટ શહેર મહાનગરપાલીકા વિસ્તારમાં પ્રાઈવેટ લકઝરી બસો ( હેવી પેસેન્જર વ્હીકલ બસ ) ની અવર જવર કરવા ઉપર તા. ૨૫ /૦૫/૨૦૧૫ થી સવારના કલાક ૮:૦૦ થી સાંજના કલાક ૯:૦૦ સુધી પ્રવેશબંધી જાહેર કરૂ છું.

અપવાદ:

<u>નીચેના વિસ્તારમાં પ્રવેશબંધીમાંથી મુકિત રહેશે.</u>

(૧) ૧૫૦ ફુટ રીંગ રોડ માધાપર બાયપાસથી ગોંડલ બાયપાસ ચોકડી સુધી

(૨) કુવાડવા જુના જકાત નાકાથી ચીનલેન્ડ ચોકડી, મોરબી જુના જકાતનાકા થી ચીનલેન્ડ ચોકડી તેમજ ગોંડલ બાયપાસ રોડ થી ચીનલેન્ડ ચોકડી સુધી

આ જાહેરનામું એસ.ટી. બસ તથા સીટી બસ તથા ફરજ પરની પોલીસની બસો સરકારી અને અર્ધસરકારી બસો, કોર્પોરેશનની માલીકીની બસો તથા શૈક્ષણીક અને સ્વાસ્થય સંસ્થાની માલીકીની બસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ અને આઈ.પી.સી. ૧૮૮ અનુસાર બીન જામીનલાયક ગુન્હા માટે કામ ચલાવવામાં આવશે.

આજ રોજ તા. ૨૫ /૦૫/૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

Commissioner of Police L.B. Rajkot City

25/5

( મોહન ઝા )
I/c પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

Akhil Gujarat Truck Transport Association
D. 1.3.2016

<u>નકલ જયભારત સાથ રવાના:–</u>

૧. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગર
૨. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, રાજકોટ.
૩. જીલ્લા મેજી.શ્રી અને કલેકટર રાજકોટ.
૪. કમીશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
૫. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
૬. નાયબ પોલીસ કમીશ્નરશ્રી, ઝોન–૧ / ૨, રાજકોટ શહેર.
૭. મદદનીશ પોલીસ કમી.શ્રી, પુર્વ / પશ્ચિમ વિભાગ / ક્રાઈમ / ટ્રાફિક શાખા રાજકોટ શહેર.
૮. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૯. જયુ.ફ.ક.મેજી.શ્રી, ટ્રાફીક કોર્ટ, રાજકોટ.
૧૦. સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ.
૧૧. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ.
૧૨. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ.
૧૩. સંયુકત માહિતી નિયામકશ્રી, રાજકોટ ( ૧૦ નકલમાં )
  ૨/– આ જાહેરનામાને બહોળી પ્રસિધ્ધિ અપાવવા વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા માટે.
૧૪. માહિતી નિયામકશ્રી, સચિવાલય ગાંધીનગર
  ૨/– જાણ સારૂ તેમજ દૈનિક પત્રોમા પ્રસિધ્ધી કરાવવા સારૂ.
૧૫. વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ, રાજકોટ.
  ૨/– આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂં.

<u>નકલ રવાના:–</u>

૧. મ.પો.કમિ.શ્રી, ટ્રાફીકશાખા, રાજકોટ શહેર. ( ૧૦ નકલમાં )
  ૨/– ટ્રાફિક બ્રાન્ચના તમામ પો.સ.ઈ,હે.કો.,પો.કોન્સ. ને ઝેરોક્ષ નકલ સુપ્રત કરીને તમામની સહી મેળવવી. તેમજ તમામ ટ્રાવેલ્સના સંચાલકો ને નકલ આપી બીજી નકલ ઉપર સહી લઈ રેકર્ડમાં રાખવી.

૨. પો.ઈન્સ.શ્રી ટ્રાફિક શાખા, રાજકોટ શહેર.

૩. પો.ઈન્સ.શ્રી, એ ડીવી / બી. ડીવી. / ભ.નગર / મા.નગર / રા.તા. / પ્ર.નગર / ગાંધીગ્રામ / કુવાડવા રોડ / થોરાળા / મહિલા પો.સ્ટે. / ડી.સી.બી. / એસ.ઓ.જી.શાખા

૪. ઈન્ચાર્જશ્રી, પોલીસ કંટ્રોલ રૂમ, રાજકોટ શહેર. ( ૧૫ નકલમાં )
  ૨/– વર્તમાન પત્રમાં પ્રસિધ્ધી આપવા સારૂં.